e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 368
August 22, 2014

## લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનની કામગીરી બાબત :–

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશનરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં "Integrated Health - Engineering Action Plan" મુજબ તા.૧૬/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ઉમરવાડા–૧ વોર્ડ અને ઉમરવાડા–૨ વોર્ડ વિસ્તાર (૧) આપેશ્વર હોટલથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મચ્છરજન્ય રોગોનું નિયંત્રણ આપણા સૌની જવાબદારી" :–

આથી સુરત શહેરના તમામ ઝોનમાં આવતી ઈન્ડસ્ટ્રીઝના માલિકો તેમજ ચાલુ/પડતર બાંધકામોનાં બિલ્ડરો અને ફુલ–છોડ રાખતા એલીવેશનવાળા બંધ ફ્લેટ ધારકોને નીચે જણાવેલ સુચના ધ્યાને લઈ તેનો અમલ કરવા જણાવવામાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસની સુવિધા :–

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસની સુવિધા કાર્યરત છે. ડાયાલીસીસનો ચાર્જ રૂા.૪૫૦/– છે. જે સક્ષમસત્તાની મંજુરીથી અડધી માફી સાથે રૂા.૨૨૫/– ચાર્જ થાય છે. આ ચાર્જ સાથે બીજો અન્ય કોઈપણ વસ્તુનો ચાર્જ લેવામાં આવતો નથી. તો જરૂરીયાતમંદ દર્દીઓને મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંથ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન સીટીલાઈટ વોર્ડ વિસ્તાર તથા પીપલોદ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૨૦/૦૮/૧૪ના રોજ કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણ બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ



અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓના આચાર્યો અને શિક્ષકોને મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મહિલા સશકિતકરણ–સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

ગુજરાત રાજયનાં માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતા અને ગતિશીલ ગુજરાત લક્ષ્ય–૧૦૦ નાં ભાગરૂપે તથા સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક : વકસ/૧૦૨૦૧૪/૬૩૫/વસુતાપ્ર–૧ તા. ૨૫–૬–૧૪ અંતર્ગત સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરીઓ કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ કપાદ્રા વિસ્તારમાં ગેરકાયદેસર મટન માર્કેટમાં સીલ મારવાની તથા મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાશીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય વિભાગ દ્વારા વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ બાબત :–

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તા.૨૩/૦૮/૨૦૧૪ શનિવારના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૨:૦૦ કલાક સુધી ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવીકૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે જેમા બાળ રોગ નિષ્ણાંત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી :–

**સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગેસ યો હોમ કરીને પડો ફતેહ છે આગે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન " અંતર્ગત આજ તા. ૨૧–૮–૧૪ નાં ગુરૂવારનાં રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના હીજડાવાડથી કાદરશાની નાળ, ખાખી બાવા મંદીર, સુર્યકિરણ એપાર્ટમેન્ટ, ઓસવાલ મહોલ્લો, સાહિત્ય સંગમની ગલી, બેગમપુરા ચીડીયાકુઈ, પાંજનીગરવાડ, કોળીવાડ, અસારાવાલા હેલ્થ સેન્ટરથી રામપુરા પ્રેટ્રોલ પંપ વિગરે વિસ્તારોમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર)ની કામગીરી બાબત :–

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં નીતાબેન સાતભાયા ચોકથી ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાલ વિસ્તારમાંથી પસાર થઈ હજીરા મેઈન રોડને જોડતા ૩૦.૦૦ મી.નાં કુલ ૬.૫૦ કિ.મી. ના ટી.પી.રસ્તાને સિમેન્ટ કોંક્રિટનો બનાવવાનું ૪૯.૪૯ કરોડની ટેન્ડરની રકમનું કામ શરૂ કરવામાં આવેલ, કુલ ૬.૫૦ કિ.મી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે તા.૨૧/૮/૨૦૧૪ના રોજ રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ દ્વારા એક મીટીંગ :–

સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે તા.૨૧/૮/૨૦૧૪ના રોજ રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ દ્વારા એક મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં ડો.રવિન્દ્રભાઈ પાટીલ–રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી તથા અન્ય સભ્યશ્રીઓ, ડો.કલ્પનાબેન દેસાઈ–ડીન, સ્મીમેર, ડો.હેમંત એસ.દેસાઈ– આરોગ્ય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનની કામગીરી બાબત :–

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં ''Integrated Health - Engineering Action Plan'' મુજબ તા.૧૬/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ઉમરવાડા–૧ વોર્ડ અને ઉમરવાડા–૨ વોર્ડ વિસ્તાર (૧) આપેશ્વર હોટલથી માનવ પરિવાર થઈ જીવન જયોત પુલ સુધી. (૨) નવકેતન પાર્કથી તારા વિદ્યાલય સ્કુલ થઈ અમનનગર સોસાયટીથી આર્શિવાદ સોસાયટીના નાકા સુધી. (૩) રાઠી પેલેસથી અચ.ટી.ટાવર થઈ હળપતિ કોલોનીથી સલીમનગર,જવાહરનગર અને બેઠી કોલોની સુધી. (૪) ઉમરવાડા–ડી–ટેનામેન્ટ બ્લોક નં.–૧ થી ૯, ઈ.ડબલ્યુ.એસ.ટેનામેનટ–એ–૧,૨ થી ઓ–૧,૨ સુધી તેમજ આજુબાજુ આંતરીક રસ્તાઓ અને તમામ પેસેજ. વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી,ગુમાસ્તા,આકારણી, પ્રોફેશનલ ટેક્ષ વસુલાતની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી મે. એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા, ઝોનલ ઓફિસરશ્રી રાજેશ. સી. જરીવાલા ના આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેરશ્રી–૦૩, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી –૦૪, જુ./આસી.ઈજનેર–૦૯ તેમજ સુપરવાઈઝર સ્ટાફ–૪૪ અને ૧૩૭ સફાઈ કામદાર/ બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલ ૪૭.૫૩ મેટ્રિક ટન નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી–૧૨ તેમજ શૈક્ષણિક સંસ્થા–૦૭ ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. મેન હોલની સંખ્યા –૦૩ સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યા ની –૨૪, ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. હોટલ/રેસ્ટોરન્ટ સંખ્યા–૧૯ ચેક કરી–૧૨ કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. ખુલ્લા /ખાનગી પ્લોટમાંથી –૧૦ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. કુલ–૧૭ લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી, ૧૭ રીપેરીંગ કરવામાં આવ્યા તથા ૧૭ બંધ સ્ટ્રીટ લાઈટ પોલ ચાલુ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીંગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા –.............. સંસ્થાની નોંધણી કરી, ............. પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ............રનીંગ મીટર તથા ફુટપાથ –૩૦૦ ચો.ફુટ મીટર સેટ–રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક –................. ચોરસ મીટર કરવામાં આવ્યું. તેમજ હોસ્પીટલ અને કલીનીકમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન મ્યુ.સભ્ય શ્રીમતિ દિપીકાબેન નિતીનચંદ્ર ચૌહાણ અને શ્રીમતિ રશ્મીબેન પટેલ હાજર રહી માર્ગદર્શન આપી લોકોનો સાથ સહકાર આપેલ હતો.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી કુલ નોટીસ ૨૮ તથા રૂા.૨૮૬૦૦/– નો વહીવટી ચાર્જ કરવામાં આવ્યો હતો.

TOP

''મચ્છરજન્ય રોગોનું નિયંત્રણ આપણા સૌની જવાબદારી''

## ''નાનો ડંખ મોટી ઉપાધિ''

આથી સુરત શહેરના તમામ ઝોનમાં આવતી ઈન્ડસ્ટ્રીઝના માલિકો તેમજ ચાલુ/પડતર બાંધકામોનાં બિલ્ડરો અને ફુલ–છોડ રાખતા એલીવેશનવાળા બંધ ફલેટ ધારકોને નીચે જણાવેલ સુચના ધ્યાને લઈ તેનો અમલ કરવા જણાવવામાં આવે છે.

- ❖ બાંધકામની જગ્યાએ પાણીનો ભરાવો થવા દેશો નહિ અને થાય તો તેનો નિકાલ ડીવોટરીંગ પંપથી કરાવવાનો રહેશે અને બાકી રહેતા પાણીમાં મચ્છરની ઉત્પત્તિ ન થાય તે માટે અઠવાડીયામાં બે વખત કેરોસીન/ડીઝલનો છંટકાવ કરાવવો.
- ❖ બાંધકામની બનાવવામાં આવેલ કુડી,લીફટ કુંડી, સંડાસ બાથરૂમની કુંડીમાં જો પાણીનો ભરાવો થતો હોય તો તેવી કુંડીઓમાં રેતીઓ પુરવા/હોલ પાડી પાણીનો નિકાલ કરાવવો.
- ❖ બાંધકામમાં રાખવામાં આવેલ પાણીના સંગ્રહ સ્થાનો જેવા કે ઓવરહેડ ટાંકી, ગ્રાઉન્ડ ટાંકી, અંડર ગ્રાઉન્ડ ટાંકીને હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી.
- ❖ ગુજરાત હાઈકોર્ટ PIL/122-2011 ના કેસમાં આપેલ ચુકાદામાં જણાવેલ આદેશો મુજબ બાંધકામમાં કામ કરતાં તમામ મજૂરોને મચ્છરદાની પુરી પાડવાની રહેશે.
- ❖ ઈન્ડસ્ટ્રીઝનાં ધાબા ઉપર રાખવામાં આવેલ ભંગાર, નકામા પડતર ટાયરો, ખાલી બોટલો, ફર્નીચર, કેરબા, પીપ વિગેરેમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો રહેશે.
- ❖ ઈન્ડસ્ટ્રીઝના ધાબા ઉપર કે આજુબાજુ વરસાદી પાણીનો ભરાવો થતો હોય તો તે દૂર કરાવી ધાબાનું લેવલ જમીન સમતલ કરાવવાનું રહેશે.
- ❖ ઈન્ડસ્ટ્રીઝમાં રાખવામાં આવેલ પાણીના સંગ્રહ સ્થાનો જેવા કે, ઓવરહેડ ટાંકી, ગ્રાઉન્ડ ટાંકી, અંડર ગ્રાઉન્ડ ટાંકીને હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી.
- ❖ બંધ ફલેટોમાં ફુલ–છોડ મુકવા બનાવવામાં આવેલ એલીવેશનમાં ચોમાસાની ઋતુ દરમ્યાન પાણીનો ભરાવો રહે છે, જેને કારણે તેમાં મચ્છરની ઉત્પત્તિ થઈ મેલેરીયા, ડેન્ગ્યુંનાં કેસો થવાની શકયતા રહેલી છે, જેથી ફલેટમા એલીવેશન માટીપુરાણ તથા ફુલ છોડનાં કુંડા તથા ટ્રેમાં પાણી ન ભરાય તે મુજબની વ્યવસ્થા કરવા તમામ ફલેટ હોલ્ડરોને જણાવવામાં આવે છે.

જો ઉપરોકત દર્શાવેલ સુચનોનું પાલન કરવામાં ન આવશે તો બી.પી.એમ.સી. એકટ મુજબ તેમજ આઈ.પી.સી.કલમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સૌએ નોંધ લેવી.

TOP

## મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસની સુવિધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસની સુવિધા કાર્યરત છે. ડાયાલીસીસનો ચાર્જ રૂા.૪૫૦/– છે. જે સક્ષમસત્તાની મંજુરીથી અડધી માફી સાથે રૂા.૨૨૫/– ચાર્જ થાય છે. આ ચાર્જ સાથે બીજો અન્ય કોઈપણ વસ્તુનો ચાર્જ લેવામાં આવતો નથી. તો જરૂરીયાતમંદ દર્દીઓને મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસનો સગવડનો લાભ લેવા માટે અપીલ કરવામાંઆવે છે.

TOP

# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૬૪(ડુંભાલ–મગોબ)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">જયભવાની ઈન્ડ.</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૩૩</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">૧૧૯,૧૨૦,૧૨૧</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર<br>(રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">ઈન્ડ.</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત<br>પ્લોટ નં. ૮૩,૮૪,૮૫<br>સેન્ટીંગ શટરીંગ ખોલ્યુ</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>–</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>૫૦'×૭૫'</td><td>૩૭૫૦</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3"></td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">ધી.બી.પી.એમ.સી એકટ–૧૯૪૯ ની કલમ ૨૬૮ હેઠળ વસવાટ ખાલી કરવા અંગેની નોટીસ આપવામાં આવેલ</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">જયભવાની ઈન્ડ. ના પ્લોટ નં.૧૧૯,૧૨૦,૧૨૧વાળી ગ્રાઉન્ડત્રચાર માળ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી તરફથી ચોથા માળ પર એમ.એસ.સ્ટીલ સેકશનની મદદથી પતરાનો શેડ બનાવવામાં આવેલ. જે અન્વયે અત્રેથી ધી.બી.પી.એમ.સી એકટ–૧૯૪૯ની કલમ–૨૬૮ હેઠળ વસવાટ ખાલી કરવાની નોટીસ આપવામાં આવેલ. જે આજરોજ અત્રેની ઝોન કચેરીના ટેકનીકલ સ્ટાફ, દબાણ ખાતાના સ્ટાફ ની મદદથી સ્થળ પરથી દૂર કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૬</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૪</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન<br>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">૪૫,૦૦૦/–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">–</td></tr>
</table>

TOP

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંથ વિભાગ દ્વારા ' મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન સીટીલાઈટ વોર્ડ વિસ્તાર તથા પીપલોદ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૨૦/૦૮/૧૪ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૬૩ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૫૧ સફાઈ કામદારો, ૫૭ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૧૧ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૫૭ ઈસમો પાસેથી રૂા. ૮૭,૬૦૦/– વહીવટી વસૂલાત કરવામાંા આવેલ તેમજ આકારણી વિભાગ દ્વારા રૂા.૧,૨૦,૨૬૦/– વેરા વસૂલાત લેવામાં આવેલ. સદર કાર્યક્રમમાં રસ્તા વિભાગ, ડ્રેનેજ વિભાગ, ગુમાસ્તા વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ, ગાર્ડન વિભાગ, લાઈટ વિભાગને લાગત કામગીરી પણ કરાવવામાં આવેલ છે. સદર ઝુંબેશમાં મા.કમિશનરશ્રીએ પણ હાજર રહી માર્ગદર્શન આપેલ હતું.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણ બાબત :–






સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓના આચાર્યો અને શિક્ષકોને મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા માટેનો એક તાલીમ કાર્યક્રમ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૦/૮/૨૦૧૪ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ હતો. સદર તાલીમમાં શહેરની નામાંકિત શાળાઓ તથા નગર પ્રાથમિક શાળાઓના આશરે ૨૦૦૦ જેટલા આચાર્યો અને શિક્ષકો હાજર રહેલ હતા.

તાલીમ શિબિરમાં મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, હોસ્પીટલ સમિતિ ચેરમેનશ્રી ડો. રવિન્દભાઈ પાટીલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનશ્રી અતુલભાઈ પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં શાસનાધિકારીશ્રી હિતેશભાઈ માખેચા, વિરોધ પક્ષનાં નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી વિગેરે મહાનુભાવો હાજર રહયા હતા. ઉપરોકત મહાનુભાવોનું આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ) ડો. હેમંત દેસાઈ દ્વારા સ્વાગત પ્રવચન કરી સમ્માન કરવામાં આવેલ. આ તાલીમ શિબિરમાં માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ આરોગ્ય વિભાગની ટીમ અને તેમની કામગીરીને બીરદાવી શહેરને રોગમુકત કરવા એક માસ નહી પરંતુ પુરા વર્ષ દરમ્યાન ડેંગ્યુ વિરોધી ઝુંબેશમાં જોડાવા ઉપસ્થિત સૌને અપીલ કરેલ. આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાળાએ તેમના પ્રવચનમાં આરોગ્ય વિષયક રાજય સરકારની વિવિધ યોજનાઓની સવિસ્તાર માહિતી આપેલ, હોસ્પીટલ સમિતિ ચેરમેનશ્રી ડો. રવિન્દ્રભાઈ પાટીલે શહેરનાં શિક્ષકોનો આભાર માની શહેરને રોગમુકત કરવા અપીલ કરેલ હતી.

ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ દ્વારા સમગ્ર કાર્યક્રમની પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા મચ્છરજન્ય રોગ વિષે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે ઈ.ચા. જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયાએ ઉપસ્થિત સૌનો કાર્યક્રમમાં હાજર રહેવા તથા પોતાનો અમૂલ્ય સમય ફાળવેલ તે બદલ આભાર માન્યો હતો.

TOP

## મહિલા સશકિતકરણ–સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

ગુજરાત રાજયનાં માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતા અને ગતિશીલ ગુજરાત લક્ષ્ય–૧૦૦ નાં ભાગરૂપે તથા સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક : વકસ/૧૦૨૦૧૪/૬૩૫/વસુતાપ્ર–૧ તા. ૨૫–૬–૧૪ અંતર્ગત સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરીઓ કરવામાં આવેલ છે.

ગતિશીલ ગુજરાત લક્ષ્ય – ૧૦૦ દિવસ અંતર્ગત યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા ધ્વારા મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત હાઉસીંગ અને રોજગાર યોજનાનાં લાભાર્થીઓને આવરી લઈ ૫૦૦ સેલ્ફ હેલ્પ ગૃપ તથા ૫૦૦ સખી મંડળ મળી કુલ – ૧૦૦૦ જુથોની રચનાનો લક્ષ્યાંક ફાળવેલ છે. જે અંતર્ગત તા. ૨૦–૮–૧૪ સુધી કુલ ૪૧૦ જુથોની રચના કરવામાં આવેલ છે. જયારે યોજના અંતર્ગત ૧૦૦ સખી મંડળોને રૂા. ૭,૫૦,૦૦૦/– રીવોલ્વીંગ ફંડ પેટે ચુકવવામાં આવેલ છે.

વધુમાં તા ૨–૮–૧૪ નાં રોજ દિકરી દિવસની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સુરત જીલ્લા પંચાયતનાં સંયુકત ઉપક્રમે સવારે ૧૦–૦૦ થી ૧–૦૦ દરમ્યાન સુરત મહાનગપાલિકાનાં સાયન્સ સેન્ટર ખાતે " દીકરી દિવસ" ઉજવવામાં આવેલ. આ પરિસંવાદમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ મહિલાઓને કુટુંબ, સમાજમાં દીકરીઓનું મહત્વ અંગે માર્ગદર્શન અને સવિસ્તાર સમજુતી આપવામાં આવી. બેટી વધાવો અભિયાનમાં સમાજની જવાબદારી અને જરૂરી જાગૃતતા અંગે સવિસ્તાર માર્ગદર્શન, પી.સી.પી.એન.ડી.ટી. એકટ / ગર્ભપાત–એમ.ટી.પી. બાબતે વિસ્તૃત સમજણ, સ્તનપાન અને બાળરોગ વિશેની માહિતી, માઈક્રો ન્યુટ્રીયન્ટ એનીસ્યેટીવ ધ્વારા ઓ.આર.ઓસ. અને ઝીન્કનો ઝાડાના ઉપયોગ બાબતે માહિતગાર કર્યા તથા સ્ત્રી ભ્રુણ હત્યા ન કરવા માટે સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.

તા. ૩–૮–૧૪ થી ૯–૮–૧૪ દરમ્યાન " રાખી મેલા – ૨૦૧૪ " નું આયોજન કરવામાં આવેલ. જેનો હેતુ મહિલાઓનાં રચાયેલ સખી મંડળો ધ્વારા ઉત્પાદીત ચીજ વસ્તુઓનું વેચાણ માટે સીધુ બજાર મળી રહે તે ધ્વારા મહિલાઓ આર્થિક રીતે પગભર થઈ શકે. જે અંતર્ગત મહિલા જુથોને કુલ ૧૬ સ્થળોએ ૬૮ સ્ટોલની ફાળવણી કરવામાં આવેલ. જેમાં સખી મંડળો ધ્વારા રૂા. ૧૩,૩૬,૩૬૦/– ની રાખડી તેમજ અન્ય ઉત્પાદીત ચીજ વસ્તુઓનું વેચાણ થયેલ છે.

તા. ૫–૮–૧૪ નાં રોજ સવારે ૯–૦૦ થી ૨–૦૦ કલાક દરમ્યાન ૧૪ થી ૪૫ વર્ષની મહિલાઓની આરોગ્ય તપાસણી કરવા માટે સમગ્ર શહેરમાં ૪૪ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ –૭૬૨૪ મહિલાઓની આરોગ્યની તપાસ સ્ત્રી રોગ નિષ્ણાંત તથા ઉપસ્થિત રહેલ બાળકોની આરોગ્ય તપાસ બાળરોગ નિષ્ણાંત ધ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પમાં જરૂરીયાતમંદ મહિલાઓને લોહીની તપાસ અને દવાઓનું વિતરણ કરવામાં આવેલ.

મહિલા સશકિતકરણ પખવાડીયા અન્વયે તા. ૬–૮–૧૪ નાં રોજ " મહિલા અસ્મિતા દિન" ની ઉજવણી કરવામાં આવેલ. જેમા મહાનગરપાલિકા મહિલા સદસ્યશ્રીઓ તથા શહેરનાં મહિલા સંગઠનોનાં કુલ–૨૫૦ જેટલા મહિલાઓએ ભાગ લીધો હતો. જેઓને મહિલાલક્ષી યોજનાઓનું પ્રેઝન્ટેશન તેમજ આરોગ્ય અને કાયદા સંબંધી માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ શિક્ષણ વિભાગ સાથે સંકલનમાં રહીને બહેનોમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્ય બાબતે પરિસંવાદ યોજવામાં આવેલ.

તા. ૧૨–૮–૧૪ નાં રોજ મહિલા સશકિતકરણ પોગ્રામ અન્વયે સુરત મહાનગરપાલિકા અને પોલીસ કમિશનરશ્રીની કચેરી ધ્વારા મહિલા સફાઈ કામદાર સુરક્ષા અને કાનુની શિક્ષણ બાબતે તમામ ઝોનમાં પ્રોગ્રામમાં કુલ ૭૦૦ જેટલા મહિલા સફાઈ કામદારો ભાગ લીધો હતો તથા તેઓને નજીકનાં પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ધ્વારા મહિલા સુરક્ષા અને કાનુની શિક્ષણ આપવામાં આવેલ.

મહિલાઓની સશકિતકરણ અંતર્ગત ૨૫૭ જુથોની રચન કરવામાં આવી, હાઉસીંગ અને રોજગારના લાભાર્થીઓને આવરી લેતા ૧૪૫ એસ.એચ.જી. (સેલ્ફ હેલ્પ ગૃપ) રચના કરવામાં આવી, મિશન મંગલમ યોજના અંતર્ગત શહેરી મહિલા સમેલનો યોજી ૧૦૦ % કામગીરી કરવામાં આવી છે. કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ લાભાર્થીઓને ચેકોનું વિતરણ કરી ૮૦% કામગીરી કરવામાં આવી છે. પોષણ યુકત ગુજરાત અંતર્ગત તમામ આંગણવાડીનાં જરૂરીયાતવાળા ૬૯૪ અતી ઓછા વજન ધરાવતા બાળકોને પોષણયુકત ખોરાક આપવામાં આવ્યો તેમજ જરૂરીયાતવાળી તમામ કિશોરીઓને લોહતત્વની (આઈ.એફ.એ.) ગોળીઓ આપી અઠવાડીક ૧૦૦% જેટલી કામગીરી કરવામાં આવી છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૭૬% જેવી માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહારનાં ભાગરૂપે જનજાગૃતિ કામગીરી કરવામાં આવેલ છે. શહેરનાં ઉત્પન્ન થતા ઘનકચરાનું ૧૦૦% ડોર ટુ ડોર કલેકશન કામગીરી કરવામાં આવી છે તથા મહાનગરપાલિકાનાં તમામ સફાઈ કામદારોનું મેડીકલ ચેક અપ કરી ૧૦૦ % કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૧૫૮૩ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી કરેલ છે અને પોષણયુકત ગુજરાત અંતર્ગત તમામ આંગણવાડીનાં ઓછા વજનવાળા બાળકોની તબીબી ચકાસણી કરી ૯૬ % કામગીરી કરવામાં આવી છે.

ગતિશીલ ગુજરાત અંતર્ગત કર્મયોગી તાલીમ અંતર્ગત ૩૦૦૦ કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરીઓ મે. કમિશનરશ્રીનાં માર્ગદર્શન અને સૂચના મુજબ કરવામાં આવી હતી.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ કપાદ્રા વિસ્તારમાં ગેરકાયદેસર મટન માર્કેટમાં સીલ મારવાની તથા મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાશીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ અત્રેથી ફાળવેલ રેસીડેન્સીયલ હેતુ માટેના પ્લોટો પર હેતુફેર કરી દુકાનો બનાવી તેમાં મચ્છી,ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું વેચાણ બિનઅધિકૃત રીતે કરતાં હોય, જેને કારણે આ વિસ્તારમાં પુષ્કળ ગંદકીની સાથે ન્યુસન્સ ઉભુ થયેલ, જેને બંધ કરાવવા અંગે લઈ આ વિસ્તારમાં આજુબાજુની સોસાયટીના રહીશો તેમજ સ્થાનીક મ્યુ.સભ્યશ્રી/ માન.ધારાસભ્યશ્રીઓની વારંવારની લેખિત તથા મૌખિક ફરીયાદો/રજુઆતો મળતી હોય, વર્ષોથી આ ન્યુસન્સને દુર કરવા/ બંધ કરવા અત્રેના પૂર્વ(વરાછા) ઝોનના કર્મચારી ઓ કરતાં રહે છે. જેના ભાગરૂપે આ જ રોજ એક વિશેષ ઝુંબેશ ઉપાડી આરોગ્ય તથા ઈજનેરી વિભાગના કર્મચારીઓ દ્વારા સદર જગ્યાએ આવી હેતુફેર વાળી મિલકતોમાં સુરૂચિભંગ તથા આરોગ્યને નુકશાનકર્તા ધંધાકીય યુનીટો/દુકાનો પૈકી કુલ ૧૮ યુનીટોને સીલ મારવા અંગેની કામગીરી કરવામાં આવેલ. આ કામગીરી દરમ્યાન લોકટોળા જમા થઈ, હિતસંબંધીઓ તરફેથી ઉગ્ર વાંધો વિરોધ થતાં વાતાવરણ તંગ બનેલ. આ દરમ્યાન મામલો વધુ ગંભીર ન બને તે માટે સ્થળ પર પોલીસ બોલાવવામાં આવેલ તથા પરિસ્થિતી કાબુ લેવામાં આવેલ.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા.પ્લોટ નં. ૮/ડી માં આવેલ ભક્તિનંદન સોસાયટી સેકટર–૪ ના સબ પ્લોટ નં. ૧૦૬ માં મિલકતદાર દ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ મિલકતના ત્રીજા માળે આશરે ૯૦૦.૦૦ ચો.મી. માપ વિસ્તારમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦૦૦૦/– વસુલવામાં આવેલ છે.

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## આરોગ્ય વિભાગ દ્વારા વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ બાબત :–

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તા.૨૩/૦૮/૨૦૧૪ શનિવારના રોજ સવારે ૦૯ઃ૩૦ થી બપોરે ૦૨ઃ૦૦ કલાક સુધી ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવીકૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે જેમા બાળ રોગ નિષ્ણાંત,સ્ત્રી રોગ નિષ્ણાંત,આંખના નિષ્ણાંત,ચામડીના રોગના નિષ્ણાંત,ફીઝીશયન,સર્જન, વિગેરે નિષ્ણાંતો તથા તબીબો મારફતે તબીબી નિદાન કરી સારવાર આપવામા આવશે. કેમ્પના સ્થળે આરોગ્ય વિભાગ મારફતે અરોગ્યલક્ષી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેમા પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગની જાણકારી અટકાયતના પગલા અંગેનુ માર્ગદર્શન આપવામા આવશે. જેનો લાભ લેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

**TOP**

## કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી :–



સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગેસ યો હોમ કરીને પડો ફતેહ છે આગે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. લાભશંકર દવે અને નવદુર્ગા ગૌરીના પુત્ર નર્મદાશંકરનો જન્મ ૨૪ ઓગષ્ટ, ૧૮૩૩ થયો હતો. સને ૧૮૫૨માં મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજનો અભ્યાસ છોડી સુરત–રાંદેરની શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ૧૮૫૪માં સુરતથી મુંબઈ જઈ કોલેજનો અભ્યાસ ફરીથી શરૂ કરી મહિને રૂા.૧૫ની સ્કોલરશીપ મેળવી હતી. તેમણે ગુજરાતી ભાષાનો સૌ પ્રથમ શબ્દકોશ લખવાની શરૂઆત કરી. નર્મકોશ–૧ અને નર્મકોશ–૨, નર્મકવિતા પુસ્તક–૧ અને નર્મકવિતા પુસ્તક–૨, નર્મકોશ–૪ છપાવ્યું. તેમણે સ્ત્રી કેળવણી વિશે લખ્યું. તેઓએ બાળવિધવા નર્મદાગૌરી સાથે પુનર્લગ્ન કરી સમાજમાં ચાલતી રૂઢીઓને બહિષ્કાર કરી વિધવા વિવાહને ઉત્તેજન આપ્યું હતું.

સુરત મહાનગરપાલિકા સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર રહ્યું છે. એ અનુલક્ષીને સુરતના સપૂત એવા વીર કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસોન ઉજાગર કરવા  વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કવિ નર્મદના આમલીરાન સ્થિત મકાનની પ્રતિકૃતિ 'નર્મદ ભવન' બનાવવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી ગ્રાંટ ફાળવવાનું નકકી કરી તે પૈકી રૂા.૧૧,૦૦,૦૦૦/–નો ચેક માન.મુખ્યમંત્રીશ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડો.દક્ષેશ ઠાકરને અર્પણ કર્યો હતો. 'નર્મદ ભવન'માં કવિશ્રી નર્મદ વિશેનું સાહિત્ય, હસ્ત લિખિત હસ્તપ્રતો, ચીજ વસ્તુઓ વગેરેનું કાયમી પ્રદર્શન થકી વિદ્યાર્થીઓ, સંશોધકો તેમજ દેશ વિદેશથી યુનિવર્સિટીની મુલાકાતે આવનારા મુલાકતીઓ નર્મદનું જીવન જાણી શકશે અને સુરતની સંસ્કૃતિનો વારસો જળવાઈ શકશે. સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિ કાર્યક્રમમાં પધારવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## "મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન " અંતર્ગત આજ તા. ૨૧–૮–૧૪ નાં ગુરૂવારનાં રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના હીજડાવાડથી કાદરશાની નાળ, ખાખી બાવા મંદીર, સુર્યકિરણ એપાર્ટમેન્ટ, ઓસવાલ મહોલ્લો, સાહિત્ય સંગમની ગલી, બેગમપુરા ચીડીયાકુઈ, પાંજનીગરવાડ, કોળીવાડ, અસારાવાલા હેલ્થ સેન્ટરથી રામપુરા પ્રેટ્રોલ પંપ વિગરે વિસ્તારોમાં " મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન " અંતર્ગત આજ તા. ૨૧–૮–૧૪ નાં ગુરૂવારનાં રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી હાથ ધરવામાં આવી. જે પૈકી અધિકારી / સુપરવાઈઝર– ૯૦ અને સફાઈ કામદાર / બેલદાર ૧૮૫ મળી કુલ ૨૭૫ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૧૬ મે. ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્ય સામાન મળી કુલ–૨૪ દબાણો દુર કરવામાં આવ્યા. જયારે ૧૭ રનીગ મીટર વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા. વરસાદી જાળીયા/ઈનલેટ ચેમ્બર/મેનહોલ પૈકી ૧૨ સાફ કર્યા. લાઈટ વિભાગ ધ્વારા ૩ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. પે એન્ડ યુઝ ટોઈલેટ ૨ ચેક કરવામાં આવી. ૧૩ ધાર્મિક સ્થળ, સામજીક, શૈક્ષણિક વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. આ વિસ્તારોમાં જણાયેલ બાંધકામનું મટીરીયલ, ડેબ્રીસનાં ૮ ઢગલાઓનો નિકાલ કરવામાં આવ્યો. ખાનગી / સરકારી ખુલ્લા ૩ પ્લોટોમાં ગંદકી જણાતા તેની સફાઈ કરાવવામાં આવી. ૧૭ કિ.ગ્રા. જેટલી ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો. ૭૧ વ્યકિતગત શૌચાલય પૂર્ણ કર્યા અને ૭૮ નવા બાંધકામ હેઠળ જણાયા. ૨ ટ્રાફીક સર્કલની સફાઈ કરાવવામાં આવી. ૨ જેટલી હોટલ / રેસ્ટોરન્ટ ચેક કરી, ૫ કિ.ગ્રા. અખાધ પદાર્થનો નાશ કરવામાં આવ્યો. આ ઝુંબેશ કામગીરી દરમ્યાન ૨૬ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી રૂા. ૫૧,૧૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ ઝુંબેશ મા. કમિશ્નરશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ આજરોજની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર)ની કામગીરી બાબત :–

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં નીતાબેન સાતભાયા ચોકથી ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાલ વિસ્તારમાંથી પસાર થઈ હજીરા મેઈન રોડને જોડતા ૩૦.૦૦ મી.નાં કુલ ૬.૫૦ કિ.મી. ના ટી.પી.રસ્તાને સિમેન્ટ કોંક્રિટનો બનાવવાનું ૪૯.૪૯ કરોડની ટેન્ડરની રકમનું કામ શરૂ કરવામાં આવેલ, કુલ ૬.૫૦ કિ.મી. પૈકી ૦.૯૦ કિ.મી.ના ટી.પી. રસ્તાનું ડ્રાફટ ટી.પી.સ્કીમ હોય, પ્રિલીમનરી ટી.પી.સ્કીમમાં રસ્તાઓનાં ફેરફારને કારણે સદર રસ્તાનો કબ્જો ઘણા લાંબા સમયથી મેળવી શકાયો ન હતો, જેને કારણે સી.સી. રોડ બનાવવાની કામગીરી ખોરંભે પડેલ, સદર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવી જરૂરી હોય, આજરોજ પશ્ચિમ ઝોન(રાંદેર)દ્વારા એડી. સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ દબાણ સ્ટાફ તથા શહેર વિકાસ સ્ટાફ સહિત રૂબરૂ સ્થળ ઉપર જઈ સદર બાકી રહેલ ૦.૯૦ કિ.મી.(૨૭,૦૦૦ ચો.મી.)ના રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લેવામાં આવેલ છે, જેને કારણે સી.સી. રોડની કામગીરીમાં આવેલ મોટો અવરોધ દૂર થયેલ છે, જેથી સદર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાશે તથા રાંદેર રોડથી ભેંસાણ રોડ થઈ હજીરા રોડને સીધુ જોડાણ મળવાને કારણે ટ્રાફિકના ભારણની સમસ્યાનો મહદઅંશે નિકાલ થયેલ છે.

TOP

## સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે તા.૨૧/૮/૨૦૧૪ના રોજ રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ દ્વારા એક મીટીંગ :–

સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે તા.૨૧/૮/૨૦૧૪ના રોજ રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ દ્વારા એક મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં ડો.રવિન્દ્રભાઈ પાટીલ–રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી તથા અન્ય સભ્યશ્રીઓ, ડો.કલ્પનાબેન દેસાઈ–ડીન, સ્મીમેર, ડો.હેમંત એસ.દેસાઈ– આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હેલ્થ અને ઓસ્પિટલ), ડો.એચ.ડી.દુધવાલા–મેડીમલ સુપ્રિન્ટેન્ડન્ટ અને ડાયરેકટર–મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ, ડો.વંદના એમ. દેસાઈ–ઈ.ચા.મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ, સ્મીમેર હોસ્પિટલ તથા મેડીકલ કોલેજના તમામ વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ તેમજ તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીઓ અને હેલ્થ સેન્ટરના તબીબી સ્ટાફ હાજર રહયા અતા.

અધ્યક્ષશ્રી – રૂગ્ણાલય અને વૈ.રા. અને તં.વ. સમિતિના અધ્યક્ષશ્રી ડો. રવિન્દ્રભાઈ પાટીલ દ્વારા જણાવવામાં આવેલ કે, સારવાર લેવા આવનાર દર્દીઓને સંતોષ થાય તે પ્રમાણેની સારવાર મળે. સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી યોજનાઓનો લાભ છેવાડાના માજવીને મળે તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ. હોસ્પિટલ તથા હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા વર્ગ–૩ તથા વર્ગ–૪ના સ્ટાફને તેઓના પોતાના કામ વધુ સારી રીતે કરી શકે તેમ પ્રોત્સાહિત કરવા જોઈએ તેમજ સારવારની ગુણવત્તામાં વધારો થાય તેવા પ્રયત્નો સૌએ કરવા જોઈએ. સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલોમાં મળતી સારવારની માહિતી સુરત શહેરના તમામ નાગરિકોને મળે તેવી રીતે પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ. વધુમાં તેઓએ જણાવ્યું કે હોસ્ટિલોમાં પડતી મુશ્કેલીઓ દુર કરવા સૌએ ભેગા થઈને હકારાત્મક દિશામાં પ્રયત્નો કરવા જોઈએ અને આપણી સંસ્થાને સૌએભેગા મળી નવી ઉંચાઈએ પહોંચાડવાની હાકલ કરી. જે અંગે મીટીંગમાં ઉપસ્થિત તમામ તબીબી અધિકારીઓએ અધ્યક્ષશ્રી તથા અન્ય સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ સૂચનોનું હકારાત્મક વલણ અપનાવી મુશ્કેલીઓ દુર કરવાની તૈયારી દર્શાવી.

TOP